# 26મી જાન્યુઆરી- પ્રજાસત્તાક દિન અમર રહે!

ધર્મ દર્શન

બાળકૃષ્ણ વડનેરે

‘વંદે માતરમ-ભારત માતા કી જય’ ભારતીય સંસ્કૃતિ એક ઉચ્ચ શ્રેણીય જીવનપદ્ધતિ છે. સંસ્કાર શ્રેષ્ઠ જીવનશૈલી છે. આહાર, વિહાર અને વ્યવહાર, સાત્ત્વિક, સંયમી અને સત્ય સાથે પ્રતિબંધિત છે. દેવ-દેવી-દેવતાઓ મનુષ્ય જાતિ પર ઉપકાર કરનારા સહિષ્ણુ છે. સર્વત્ર મંગલમય બને એ જ હિન્દુસ્તાનનું ધ્યેય છે.

સન 1947, 15 ઓગસ્ટના દિવસે દેશ સ્વતંત્ર થયો અને 26મી જાન્યુઆરી 1950ના શુભ દિવસે પ્રજાસત્તાક રાજ્ય વહીવટ શરૂ થયો. પ્રજાના પ્રતિનિધિઓએ સરકારી સૂત્રો હાથમાં લીધાં. ‘પ્રજા રાજા બની’ એમ કહેવાયું. આપણે બધાં જ આ દિનની રંગેચંગે ઉજવણી કરીશું. રાષ્ટ્રધ્વજને માન આપીને, શહીદોનું હૃદયપૂર્વક સ્મરણ કરીને, રાષ્ટ્રસેવકોને યાદ કરીને, સાચા રાષ્ટ્રભકતોનું પૂજન કરીને ભારત માતાનો જયજયકાર કરીશું.

આપણે વડલો, પીપળાને દેવ માનીએ છીએ, તુલસીના છોડને માતા માનીએ છીએ. પ્રાણીઓમાં ગાયને માતાનું રૂપ કહે છે અને દેશને, રાષ્ટ્રને માતા તરીકે સંબોધીએ છીએ. ભારત-માતા કહીએ છીએ, વન્દે માતરમ ગાઈએ છીએ એટલે જ દેશનું રક્ષણ, સુવ્યવસ્થિત અનુશાસન આપણું કર્તવ્ય છે. આ દેશ સર્વ ધર્મપ્રેમી છે. સર્વ પંથ, જ્ઞાતિ અને સંઘનો સહયોગી છે. કોઈ પર પણ અન્યાય કરનારો નથી પણ ભારત સ્વાતંત્ર્ય સંગ્રામમાં, પરમોચ્ચ ત્યાગ અને નિઃસ્વાર્થ સંગ્રામ વ્યવહારમાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો પ્રકાર થયો. તેનો સંક્ષિપ્ત ઈતિહાસ પણ સમજવો જોઈએ. હિન્દવી રાષ્ટ્ર ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ અજોડ અને અભૂતપૂર્વ છે. અહિંસા, અસહકાર



સવિનય કાનૂન ભંગ, સત્યાગ્રહ જેવી સહનશીલ પદ્ધતિથી આઝાદી મેળવી છે. એની વિશ્વે નોંધ લીધી છે અને અમારા વીર શહીદજનોના નામ વિશ્વપ્રસિદ્ધ છે. સન 1600ના ડિસેમ્બરમાં હિન્દ સાથે વેપાર કરવા માટે અંગ્રેજોએ ઈસ્ટ ઈન્ડિયા નામે કંપની સ્થાપીને સુરત-મદ્રાસ, કલકત્તા, મુંબઈ તથા અન્ય સ્થળો પર વેપારી કોઠીઓ ઊભી કરી અને સન 1757માં પ્લાસીના યુદ્ધમાં વિજય પછી અંગ્રેજી સત્તાનો પાયો નાખ્યો. અંગ્રેજો પાસે વિભાજન કરવાની બુદ્ધિ, શિસ્ત તથા નવાં શસ્ત્રોની જાણકારી હતી અને પછી તો સમાજમાં ‘ભાગલા પાડો ને રાજ કરો’ની નીતિ શરૂ કરીને બંગભંગ યોજના શરૂ કરી.

**તા.18 જુલાઈ 1947ના દિને ઇંગ્લેન્ડની પાર્લામેન્ટે હિન્દ સ્વાતંત્ર્ય ધારો પસાર કરી 14 ઓગસ્ટ 1947થી પાકિસ્તાનને હિન્દથી અલગ કરવામાં આવ્યું અને 15મી ઓગસ્ટ 1947 દિને હિન્દને ભારત તરીકે આઝાદી આપવામાં આવી**

હિન્દુસ્તાનને અખંડ રાખવાની જોગવાઈમાં કેબિનેટ મિશન યોજના મે માસમાં 1946 રજૂ કરાઈ. કોંગ્રેસ અને મુસ્લિમ લીગે વિરોધ થતાં ચૂંટણીમાં ભાગ લીધો હતો. સન 1946માં બંધારણીની ચૂંટણી થઈ. તેમાં 293 બેઠકોમાં 219 બેઠકો કોંગ્રેસને અને ફકત 73 બેઠકો મુસ્લિમ લીગને મળી હતી. તેમાં મુસ્લિમ લીગના નેતા મહમદ અલી ઝીણા ગુસ્સે થયા અને કેબિનેટને આપેલી સ્વીકૃતિ પાછી ખેંચી લીધી અને પાકિસ્તાનની માંગણી પર અટલ રહ્યા. વાઈસરોય તરીકે લોર્ડ માઉન્ટ બેટન આવ્યા એમણે હિન્દના ભારત અને પાકિસ્તાન બે ભાગ પાડીને હિન્દુને આઝાદી આપવાની યોજના રજૂ કરી. આપણા બાપુ ગાંધીજી ભાગલાના વિરોધી હતા પણ નાછૂટકે કોંગ્રેસના નેતાઓ ભાગલા સ્વીકારવા રાજી થયા.

તા.18 જુલાઈ 1947ના દિને ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે હિન્દ સ્વાતંત્ર્ય ધારો પસાર કરીને 14 ઓગસ્ટ 1947થી પાકિસ્તાનને હિન્દથી અલગ કરવામાં આવ્યું અને 15મી ઓગસ્ટ 1947 દિને હિન્દને ભારત તરીકે આઝાદી આપવામાં આવી. સ્વ. પંડિત નેહરુની આગેવાની મુજબ સ્વતંત્ર ભારતની પ્રથમ સરકાર રચાઈ. માઉન્ટબેટન પછી શ્રી રાજ ગોપાલાચારી હિન્દના પ્રથમ અને અંતિમ ગવર્નર જનરલ હતા. પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલે સાથે મળીને દેશને સંભાળી લીધો. બંધારણ સભાએ ત્રણ વર્ષમાં વિચારવિમર્શ કરીને નવું બંધારણ 26મી જાન્યુઆરી, 1950ના રોજે અમલમાં મૂકયું. ગવર્નર જનરલના પદથી રાજાજીએ વિદાય લીધી અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ પ્રજાસત્તાક ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. પ્રજાસત્તાક ભારતે આજે 76 વર્ષ પૂર્ણ કર્યાં છે. બધા ભારતીઓ સંપીને એકાત્મતામંત્રનું રક્ષણ કરશે તો પ્રજાસત્તાક ભારત યાવત ચંદ્ર દિવાકરો રહેશે જ.

---

# ગોપીગીત

પંચામૃત

નીલાક્ષી પરીખ

ગોપીગીતમાં જિંદગી એટલે શું? તે જોયું. હવે આગળની યાત્રા કરીએ. ગુલાબની સાથે કાંટા પણ છે. સુખનાં ફૂલની સાથે દુઃખના કાંટા પણ મળે. ફરિયાદ ન કરો, સ્વીકાર કરો. રડવું આવે તો રડી લો. ગોપી રડી છે તો ચૈતન્ય પણ રડયા છે. અરે! નિર્ગુણીયા એવા સંત કબીર પણ રડયા છે. કબીર તો કહે-‘કબીર હંસના દૂર કર રોનેસે કર પ્રીત, બિન રોયે કિત પાઈયે પ્રેમ પિયારે મીત.’ કૃષ્ણ સાથે હૃદયથી જોડાયેલી ગોપીઓ હસી, રાસ રમી અને વિયોગમાં રડી છે કૃષ્ણના. ગોપીઓને જ્ઞાન છે કે કૃષ્ણ કોણ છે? ‘ન ખલુ ગોપિકાં નંદનો ભવાન આખેલ દેહીનામ’ કૃષ્ણ સૌનો આત્મા છે. 10મો સ્કંધ હૃદય છે. શરીરમાં પાંચ પ્રાણ છે. રાસ પંચાધ્યાય પાંચ પ્રાણ વચ્ચેનો અધ્યાય - 29 થી 33. એમાં 31મો વચ્ચેનો અધ્યાય ‘ગોપીગીત’ છે. ગોપી દૂરદર્શન, દૂરશ્રવણ કરી શકે છે. એની પાસે એ સિદ્ધિ છે. આ સિદ્ધિ પ્રેમને કારણે છે. તમે જોયું ઝઘડો થાય ત્યારે મોટેથી બોલે સામેવાળો છતાં ન સંભળાય. ઝઘડામાં કોઈ કોઈનું ન સાંભળે. પાડોશી સાંભળે પણ પ્રેમમાં તો ખૂબ ધીરેથી કહે, અરે! ન કહે તો પણ પ્રેમી સમજી લે! પ્રેમમેં સબ દૂરિયાં મીટ જાતી હૈ. પ્રેમના પાયા પર પરિવાર મંદિર હશે ત્યાં કલહ નહીં કૃષ્ણ હશે. પ્રેમ, પરિવાર અને પરમાત્મા. ‘પ્રભુ, નાનકડું ઘર મારું સદા તારું મંદિર’ હનુમાનજી ઘરે ઘરે જઈ સીતાજીને શોધે છે. સીતા અર્થાત ભક્તિ, પ્રેમ. ‘મંદિર મંદિર પ્રતિ કરિ શોધા, દેખી જહાંતહાં અગનિત જોધા’ જયાં સીતારૂપી મંદિરમાં પણ ભગવાન બેઠો છે. શ્રેષ્ઠ ધર્મ કયો? પ્રેમ પ્રગટ કરાવે તે. ભગવાનમાં પ્રેમ એટલે પ્રાણીમાત્રમાં પ્રેમ. એક સારા માનવના રૂપમાં આપણે કન્વર્ટ થવાનું છે. દાન, જપ, તપ, વ્રત, સ્વાધ્યાય, તીર્થયાત્રા બધાંનું લક્ષ્ય એ છે કે તમારું દિલ સાફ થાય ને એમાં ભગવાન વસે. પક્ષીને ચણ, કીડીને કીડિયારું આપીએ. ગાયને ચારો નીરીએ. માછલીને લોટની ગોળી આપીએ. મીરાંબાઈ કલિયુગની ગોપી છે કહે છે:

‘મુરલિયાં બાજે રે જમુના કે તીર.
જમુના કે તીર (2) મુરલિયાં બાજે રે
મુરલી કી ધૂન મેરો મન હરી લીનો,
ચિત્ત ધરત નહીં ધીર મુરલિયાં...
કારો કન્હૈયા, કારી કામરિયા, કારો જમુનાજી કો નીર
બાઈ મીરાં કહે પ્રભુ, ગિરધર નાગર
ચરણ કમલ પર શિશ મુરલિયાં...

એ મોરલી સાંભળીને ગોપીએ જે ગીત ગાયું તે ‘વેણુગીત’ સંગીતના જુદા જુદા રાગ એટલા માટે કે એમાં રાગ થાય. કૃષ્ણમાં રાગ થાય એટલે વેણુગીત. (21મા અધ્યાયમાં) 31મા અધ્યાયમાં છે ‘ગોપીગીત.’ ગોપીઓએ બાળપણથી કૃષ્ણને જોયા છે. કૃષ્ણુ માખણચોર છે, ચિત્તચોર છે. ભકતનું મન માખણ જેવું કોમળ છે. માખણ એટલે નવનીત. નવનીતપ્રિય છે કૃષ્ણ. મન રોજ નવું હોય. વાસી કયારે થાય? દુઃખદ પ્રસંગમાં ખોવાયેલું હોય, ભૂતકાળનો શોક, ભવિષ્યની ચિંતા ન હોય, ભગવાનમાં ભરોસો હોય એટલે વર્તમાનમાં જીવે. સૂતકમાં ભક્તિ ન થાય. કારણ મન શોકગ્રસ્ત છે. સેવામાં પૂરું ધ્યાન ન હોય. ભૂતકાળનો શોક નહીં ને ભવિષ્યની ચિંતા નહીં. આ ક્ષણમાં જીવી લો. ભાગવત એવી સંહિતા છે જેને સાંભળતાં ભક્તિ થાય. એ શોક, મોહ, ભયને હરનારી છે. શોક હોય છે ભૂતકાળનો, મોહ હોય છે - વર્તમાનનો અને ભય હોય છે - ભવિષ્યનો. ભયને કારણે સંગ્રહ વધે છે. સંન્યાસ લઈ લે પછી ભય નહીં. ભિક્ષા મળે તો ય ઠીક ને અપમાન મળે તો ય ઠીક. દેનેવાલે કા ભલા, ન દેનેવાલે કા ભી ભલા. કોઈ માટે કુભાવ નહીં. ભગવાનમાં અનુરાગ હોય તો- ‘હું હરિનો હરિ મમ રક્ષક, એહ ભરોસો જાય નહીં, જે હરિ કરશે એ મમ હિતનું એ નિશ્ચય બદલાય નહીં.’ આવો ભરોસો હોય. ભગવાને રાસ માટે મન બનાવ્યું. ભગવાન તો પૂર્ણ છે. ઈચ્છા અપૂર્ણને થાય. જીવોને ઈચ્છા છે રાસ રમવાની. એનો પડઘો પડ્યો. શરદ પૂનમે કૃષ્ણ પરમાત્માએ દિવ્ય શૃંગાર કર્યો.



**શોક હોય છે ભૂતકાળનો, મોહ હોય છે - વર્તમાનનો અને ભય હોય છે - ભવિષ્યનો. ભયને કારણે સંગ્રહ વધે છે. સંન્યાસ લઇ લે પછી ભય નહીં**

(સફેદ શણગાર) દૂધ, પૌંઆ, મિસરી, આભૂષણ, વસ્ત્ર બધું જ સફેદ, શ્વેત. વૃંદાવનમાં પધારી ભગવાને વેણુ વગાડી. વેણુ સાંભળી ગોપીઓને પહેલાં ગમી, મતલબ રાગ થયો, વારંવાર સાંભળી એટલે અનુરાગ થયો. પરિણામે દોડી છે. ભગવાન વાંસળી વગાડે તો તકલીફ, ન વગાડે તો તકલીફ. કહે છે ગોપી શાને પરેશાન કરે છે? વાંસળી વગાડીને વાંસળીનો સાદ-મતલબ કોલ-આવ. કોઈ સંજવારી કરતી હતી તો કોઈ લીંપણ કરતી હતી એ છોડીને ભાગી. આ રાતે થાય? ના, આ તો દિવસે કરવાના કામ છે. એનો મતલબ એ છે કે આપણે જે રાત માનીએ છીએ એ નહીં. જે રાતમાં યોગી જાગે છે, સંસારી સૂતો છે. મોહનિશામાં સંસાર સૂતો છે, અજ્ઞાનનું અંધારું છે. તેમાં યોગી, ભકત, વૈષ્ણવ જાગે છે. સંતો કહે- ‘ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ.’ જુઓ, આ હૃદય વૃંદાવન છે, આત્મા શ્રીકૃષ્ણ છે. વિશુદ્ધ, પ્રસન્ન મન એ પૂર્ણિમાનો સોળે કળાએ ખીલેલો પૂર્ણ ચંદ્ર છે, ભીતરથી ઊઠતો અનાહત નાદ એ કૃષ્ણની વેણુ છે. ચંદ્રમાને મન સાથે સંબંધ છે. ચંદ્રમા મનસો જાતઃ વેદ કહે છે. શીતળ વાયુ એ છે શીતળ મન, પ્રસન્ન મન, વિશુદ્ધ મન, ગોપીઓ અંતઃકરણની વૃત્તિઓ છે. જે અંતર્મન થઈ અનાહત નાદરૂપી વેણુ સાંભળીને દોડે છે. લીન થાય છે. એને યોગી સમાધિ કહે, ભાગવતમાં રાસલીલા કહે અને જ્ઞાની એને તુરીયાવસ્થા કહે. વયભેદ, જાતિભેદ નથી ગોપીવૃત્તિનું નામ છે. સ્ત્રીમાં પ્રેમ, સમર્પણ છે. પ્રેમ હોય ત્યારે સ્ત્રી સાહસ કરે છોડવાનું. સ્ત્રીના લગ્ન એ જ એનો સંન્યાસ છે. નામ બદલાય જાય, સાસરે જઈને તપ કરે. તપસ્વી છે. પુરુષ ત્યાગ કરી શકે. ત્યાગપ્રધાન જીવન છે-પુરુષનું. સ્ત્રી તપ કરી શકે. સ્ત્રી 9 મહિના બાળકને પેટમાં રાખે એ એનું તપ છે. જવાબદારી લો તો વિકાસ થશે. બાળકો ન જોઈએ એમ નહીં. જવાબદારીથી ભાગો નહીં. જવાબદારી વગરની સ્વતંત્રતા સ્વચ્છંદતા બની જશે. પ્રેમયોગમાં ભોગ છે અને ભોગમાં યોગ છે.

પ્રેમ સંયોગમાં વિયોગ છે અને વિયોગમાં સંયોગ છે-
પ્રેમ કી પીડા મીરાં જાને યા જાને વો રાધા.
રાધા રાધા કહતે પ્રાણી કટ જાયેગી બાધા.
પ્રેમકી પીડા...
પ્રેમ સે ઊંચી નહીં કોઈ ઊંચાઈ, પ્રેમ પ્રભુકો પ્યારા.
પ્રેમકી પીડા ...

પ્રેમ પ્રગટ થયો તો વૈરાગ્ય સહજ બની ગયો. આ ગોપીઓને જોઈને ભગવાન સ્વાગત કરે છે અને પછી પૂછે છે કે- આટલી રાતે? ‘પુરુષ દિવસે ઘરમાં સારો ન લાગે, રાત્રે સ્ત્રી ઘરની બહાર સારી ન લાગે.’ પ્રભુ કહે-જંગલ છે, રાત છે અને વળી તમે સ્ત્રી છો પાછા જાવ. ગોપીઓને ધક્કો લાગ્યો. પછી ગીત ગાયું. તે પ્રણયગીત. અમને અપનાવો, ઠુકરાવો નહીં. અમે તમારે માટે સંસાર ઠુકરાવ્યો. ભગવાન પરીક્ષા કરે કે ત્યાગ વિવેકજન્ય છે કે આવેશજન્ય ? ત્યાગ વિવેકજન્ય હોવો જોઈએ. પછી તો શ્રીકૃષ્ણ અને ગોપીઓ વચ્ચે શાસ્ત્રાર્થ થયો છે.

(પૂ. રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) ના સત્સંગને આધારે)